રજુ તારીખ     :–૧૬/૦૭/૨૦૨૫
દાખલ તારીખ:–૧૬/૦૭/૨૦૨૫
ફેસલ તારીખ  :–૨૭/૦૩/૨૦૨૬

---

ભિલોડાના નામદાર એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,
ભિલોડા.જિ.–અરવલ્લી

---

ફોજદારી કેસ નં.૧૦૭૬/૨૦૨૫
આંક :૨૦

–:: ફોર્મ–એ ::–

| | |
|---|---|
| એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ, ભિલોડા – અરવલ્લી<br>હુકમની તારીખ:–૨૭/૦૩/૨૦૨૬<br>ફોજદારી કેસ નંબર:–૧૦૭૬/૨૦૨૫ | |
| પોલીસ સ્ટેશન | શામળાજી પો.સ્ટે.ગુ.રજી.નં.૧૨૩/૨૫ |
| ગુન્હો | ધી ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ–૬૫એઈ,૮૧ મુજબ |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તર્ફે | વિ.એ.પી.પી.શ્રી.બી.આઈ.મનસુરી |
| –:: વિરૂધ્ધ ::– | |
| આરોપી | (૧) અવિનાશ ઉર્ફે નાથીયો અમૃતભાઈ ખરાડી<br>રહે. રાયપુર,તા.ભિલોડા,જી.અરવલ્લી |
| આરોપીઓ તર્ફે | વિ.વકીલ શ્રી : ડી.એલ.ધમલાત |

–:: ફોર્મ–બી ::–

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા.૦૪/૦૩/૨૦૫ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૦૪/૦૩/૨૦૨૫ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૧૬/૦૭/૨૦૨૫ |
| ત્હોમતનામું ફરમાવ્યા તારીખ | તા.૧૫/૦૯/૨૦૨૫ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યા તારીખ | તા.૧૪/૧૦/૨૦૨૫ |
| હુકમ ઉપર લીધેલાની તારીખ | તા. ૨૪/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| હુકમ જાહેર કર્યા તારીખ | તા. ૨૭/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ જાહેર કર્યા તારીખ | – |

–:: આરોપીની વિગત ::–

| | |
|---|---|
| આરોપીનો ક્રમ | (૧) |
| આરોપીનું નામ | (૧) અવિનાશ ઉર્ફે નાથીયો અમૃતભાઈ ખરાડી |
| ધરપકડ કર્યા તારીખ | તા.૦૪/૦૩/૨૦૨૫ |
| જામીન મુકત કર્યા તારીખ | તા.૧૧/૦૩/૨૦૨૫ |
| કયો ગુન્હો નોંધાયેલ | ધી ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ –૬૫,એઈ,૮૧મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલ | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. |
| સજા કર્યાની વિગત | – |
| ક્રી.પો.કોડની કલમ ૪૨૮ મુજબ ન્યાયીક કાર્યવાહી દરમીયાન જેલમા રહેલ સમય | – |

–:: ફોર્મ–સી ::–

એ – ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :–

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | શૈલેષભાઈ ગોવિંદભાઈ ખોખરીયા | પંચસાહેદ | ૦૭ |
| ૨. | એ.એસ.આઇ. આર્શીવાદભાઈ નાથાભાઈ | ફરીયાદી | ૦૯ |
| ૩. | સળુભાઈ નાનજીભાઈ ખરાડી | પંચ સાહેદ | ૧૧ |
| ૪. | એ.એસ.આઇ કલ્પેશસિંહ કરણ સિંહ | ત.ક.અ. | ૧૬ |

બી– આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.

સી– અદાલતે તપાસેલ સાહેદોના પુરાવાની યાદી :– સાહેદો તપાસેલ નથી.

એ– ફરીયાદપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:–

| ક્રમ | આંક તથા સાહેદ નંબર જેમા દસ્તાવેજ રજુ થયેલ છે. | વર્ણન |
|---|---|---|
| ૧. | ૦૮ (ફ.સાહેદ ૧) | મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું |
| ૨. | ૧૦ (ફ.સાહેદ ૨) | ફરીયાદ |
| ૩ | ૧૭ (ફ.સાહેદ ૪) | સુચીપત્ર |

બી– બચાવપક્ષ ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.

સી– અદાલત ધ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદી:– પુરાવા રજુ નથી.

ડી– અદાલત સમક્ષ લેવામા આવેલ તકરારો તથા તેનુ વર્ણન :– નથી.

–:: ઠરાવ ::–

(૧) આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક.૧૬/૦૦ વાગે મોજે રાયપુર ગામે આરોપી નં.૧ નાઓ પ્રોહી.પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક ઘરની આગળ આવેલ પોતાના કબ્જા ભોગવટાના ખેતરમાં ગુંદીના ઝાડની નીચે તેમજ બાવળોમાં ભારતીય બનાવટની જુદી–જુદી બ્રાન્ડની આખી પેટી નંગ–૦૭ જેમાં બોટલ નંગ–૩૦૦ તથા છુટી બોટલ નંગ–૨૮૯ મળી કુલ બોટલો નંગ–૫૮૯ જેની કુલ કિ.રૂા.૧,૦૦,૧૯૦/– નો પ્રોહી મુદ્દામાલ આરોપી પાસેથી ભરી લાવી ઘરે હાજર મળી આવી ગુન્હો કરેલ જે મતલબની ફરીયાદીએ ફરીયાદ જાહેર કરતાં આ કામમાં આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે ગુન્હો ધી. ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ),(ઈ),૮૧ મુજબનું ચાર્જશીટ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામમાં આરોપીને ક્રિ.પ્રો.કોડ ની કલમ ૨૦૭ મુજબ નકલો આપવામાં આવેલ છે અને આરોપી સામે આંક.૦૪ થી ત્હોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીની પ્લી આંક.૦૫ થી નોંધતાં આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુન્હાઓનો ઈન્કાર કરેલ છે જેથી આરોપી સામેનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ફોર્મ–સી માં જણાવ્યા મુજબના છે.

(૪) ત્યારબાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતી કરી પુરાવો પુરો થયાનું જાહેર કરતાં આ કામમાં પડેલ પુરાવાઓ આધારે આરોપીનું ક્રિ.પ્રો. કોડ ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમા આરોપીએ પોતે નિર્દોષ હોવાનું અને બચાવમાં કોઈ સાહેદો તપાસવા માગતા નથી તેવુ કથન કરેલ.

(૫) આ કામમાં ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી.બી.આઇ.મનસુરી ની અને બચાવપક્ષે વિ.વકીલ શ્રી ડી.એલ.ધમલાત ની દલીલો સાંભળી.

૦૬. ઉપરોકત હકીકત તથા પડેલ પુરાવાઓ ઉપરથી આ કેસના નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદાઓ ઉપસ્થિત થાય છે.

મુ દા ::–

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૦૪/૦૩/૨૦૨૫ ના કલાક.૧૬/૦૦ વાગે મોજે રાયપુર ગામે આરોપી નં.૧ નાઓ પ્રોહી.પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક ઘરની આગળ આવેલ પોતાના કબ્જા |

| | |
|---|---|
| | ભોગવટાના ખેતરમાં ગુંદીના ઝાડની નીચે તેમજ બાવળોમાં ભારતીય બનાવટની જુદી-જુદી બ્રાન્ડની આખી પેટી નંગ- ૦૭ જેમાં બોટલ નંગ-૩૦૦ તથા છુટી બોટલ નંગ-૨૮૯ મળી કુલ બોટલો નંગ-૫૮૯ જેની કુલ કિ.રૂા.૧,૦૦,૧૯૦/- નો પ્રોહી મુદ્દામાલ આરોપી પાસેથી ભરી લાવી ઘરે હાજર મળી આવી ગુન્હો કરેલ જે મતલબની ફરીયાદીએ ફરીયાદ જાહેર કરતાં આ કામમાં આરોપી વિરૂધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે ગુન્હો ધી.ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫ (એ),(ઈ),૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કર્યો છે ? |
| (૨) | શું હુકમ ? |

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારમાં |
| (૨) | આખરી હુકમ મુજબ. |

(૮) મુદ્દા નં. (૧) અને (૨) :-

(૮.૧) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક.૦૭ થી પંચસાહેદ શૈલેષભાઈ ગોવિંદભાઈ ખોખરીયાનાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચ સાહેદ એ તેમની જુબાની દરમિયાન આંક-૦૮ નાં મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. આ પંચસાહેદ ને તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં આ પંચસાહેદે પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા આ સાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચસાહદ એ જણાવેલ છે કે,પોલીસે તેમની એક

તૈયાર લખેલા કાગળ માં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા નથી તેમજ પોલીસે તેમની હાજરીમાં કોઈની પાસે થી દારુ કબજે કરેલ નથી.

(૮.૨) ફરીયાદપક્ષે તર્ફે આંક–૦૯ થી ફરીયાદી એ.એસ.આઈ. આશીર્વાદભાઈ નાથાભાઈને તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''ગઈ તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ અમો એલ.સી.બી.સ્ટાફના માણસો સાથે શામળાજી પો.સ્ટે.વિસ્તારમાં સરકારી બોલેરો ગાડી સાથે પટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા રાયપુર ગામના પાટીયા પાસે જતા બાતમી હકીકત મળેલ કે રાયપુર મુકામે રહેતો અવિનાશ ઉર્ફે નાથીયો અમૃતભાઈ ખરાડી પોતાના કબજા ભોગવટાના મકાનમાં ભારતીય બનાવટનો વગર પાસ પરમીટનો વિદેશી દારૂ સંતાડી રાખેલ છે જેવી બાતમી હકીકતના આધારે નજીકમાંથી બે પંચોના માણસો પંચ સળુભાઈ નાનજીભાઈ ખરાડી,રહે.શોભાયડા,તા.ભિલોડા તથા પંચ નંબર–૨ શૈલષભાઈ ગોવિંદભાઈ નાઓ સાથે પ્રોહી પ્રવૃતિવાળી જગ્યાએ જતા કોઈ ઈસમ ઘરે હાજર મળી આવે. જેથી ઘરના આગળના ભાગે ગુંદીના ઝાડ નીચે બીયરની પેટીઓ તથા છુટી બોટલ મળી આવેલ તથા ઘરની સો મીટર જેટલે જુદૃ જુદી બ્રાન્ડની બોટલો મળી આવેલજેમાં વિદેશી દારૂની કુલ બોટલ નંગ–૫૮૯ કિ.રૂા.૧,૦૦,૧૯૦/– નો મુદૃામાલ મળી આવેલ જે ગણી તપાસ અર્થે કબજે લીધેલ.ઉપરોકત અલગ અલગ બ્રાન્ડમાંથી બીયર/કવાટર એક એક સેમ્પલ કાઢી લઈ તપાસ અર્થે કબજે લીધેલ છે તથા દરેક અલગ અલગ બ્રાન્ડમાંથી એક એક બોટલ સેમ્પલ રાખી આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ રાખતા હોય જેથી પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ અમોએ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે,જે ઓળખુ છુ જે રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે.આરોપીઓને ઓળખુ છુ.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,'' બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો તથા ઘરો આવેલા છે. રાયપુર ગામ મોટુ ગામ છે. ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. ,પંચો રૂબરૂ પંચનામુ કરેલ નથી. મુદ્દામાલ બીનવારસી મળી આવેલો.આરોપીઓ પાસેથી મુદ્દામાલ મળી આવેલ નથી.ઉપરી અધિકારીના કહેવાથી મે ખોટી ફરીયાદ આપેલ છે તથા ખોટી જુબાની આપુ છુ. પ્રોહીબીશનના ગુના બતાવવા અમુક કેસો કરવા પડતા હોય છે

(૮.૩) ફરીયાદપક્ષે સાહેદ ને આંક– ૧૧ થી સળુભાઈ નાનજીભાઈ ખરાડી ને તપાસતા એવો પુરાવો રજુ કરેલ છે કે,''મને આંક–૦૮ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે, તેમાં મારી સહી છે, જે હુ ઓળખી બતાછુ છુ. આ સહી મે શામળાજી કરેલીઅને કઈ બાબતે કરેલી તેની મને ખબર નથી.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,'' પોલીસે લખેલ કાગળમાં સહી કરાવેલી અને કાગળમાં શું લખેલુ તેની મને ખબર નથી.

(૮.૪) ફરીયાદપક્ષે આંક–૧૬ થી ત.ક.અ. એ.એસ.આઈ. કલ્પેશસિંહ કરણસિંહ ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદ પૂર્વકની જુબાની દરમ્યાન જણાવેલ છે કે,''ગઈ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ અમો એલ.સી.બી.સ્ટાફના માણસો સાથે શામળાજી પો.સ્ટે. વિસ્તારમાં સરકારી બોલેરો ગાડી સાથે પટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા રાયપુર ગામના પાટીયા પાસે જતા બાતમી હકીકત મળેલ કે રાયપુર મુકામે રહેતો અવિનાશ ઉર્ફે નાથીયો અમૃતભાઈ ખરાડી પોતાના કબજા ભોગવટાના મકાનમાં ભારતીય બનાવટનો વગર પાસ પરમીટનો વિદેશી દારૂ સંતાડી રાખેલ છે જેવી બાતમી હકીકતના આધારે નજીકમાંથી બે પંચોના માણસો પંચ

સળુભાઈ નાનજીભાઈ ખરાડી,રહે.શોભાયડા,તા.ભિલોડા તથા પંચ નંબર–ર શૈલષભાઈ ગોવિંદભાઈ નાઓ સાથે પ્રોહી પ્રવૃતિવાળી જગ્યાએ જતા કોઈ ઈસમ ઘરે હાજર મળી આવે. જેથી ઘરના આગળના ભાગે ગુંદીના ઝાડ નીચે બીયરની પેટીઓ તથા છુટી બોટલ મળી આવેલ તથા ઘરની સો મીટર જેટલે જુદી જુદી બ્રાન્ડની બોટલો મળી આવેલ જેમાં વિદેશી દારૂની કુલ બોટલ નંગ–૫૮૯ કિ.રૂા.૧,૦૦,૧૯૦/– નો મુદ્દામાલ મળી આવેલ જે ગણી તપાસ અર્થે કબજે લીધેલ.ઉપરોકત અલગ અલગ બ્રાન્ડમાંથી બીયર/કવાટર એક એક સેમ્પલ કાઢી લઈ તપાસ અર્થે કબજે લીધેલ છે તથા દરેક અલગ અલગ બ્રાન્ડમાંથી એક એક બોટલ સેમ્પલ રાખી આરોપી વિરુઘ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ રાખતા હોય જેથી પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ એ.એસ.આઈ. આશિર્વાદભાઈ નાથુભાઈનાઓએ આપેલી.જે આ કામે આંક–૧૦ થી રજુ છે. ત્યારબાદ શામળાજી પો.સ્ટે. પી.એસ.આો.શ્રી એ.એસ.આઈ. ભાવનાબેન જયંતીભાઈનાઓએ ગુ.ર.નં.૦૧૨૩/૨૫ ,પ્રોહી એકટ ૬૫ એઈ મુજબ ગુનો રજીસ્ટર સુચિપત્રમાં મારા નામોજગ હુકમ કરી તપાસ અમોને સલંપેલ જે સુચિપત્ર રજુ દાખલ આંક.૧૭ આપવામાં આવે છે.સદર ગુનાના કામે અમોએ તપાસ દરમ્યાન સાથેના કર્મચારીઓના નીવેદન લીધેલ અને તા.૦૪/૦૩/૨૫ ના રોજ આરોપીને નામદાર કોર્ટમાં મોકલી આપેલ.આરોપી વિ્રઘ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ મોકલી આપેલ.આરોપીને જોયે ઓળખુ છુ.

જયારે બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,''બનાવવાળી જગ્યાની આજુબાજુ છુટા છવાયેલા મકાનો આવેલા છે.ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી, આરોપી મુદામાલ સાથે પકડાયેલ ન હોવા છતા ખોટો કેસ કરી ખોટી જુબાની આપુ

છુ. સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી.પુરતો પુરાવો ન હોવા છતા આરોપી વિરૂધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૯) ફરીયાદ પક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોના પુરાવા પરથી એ હકીકત ફલીત થાય છે કે ,આંક–૦૮નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૦) નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧) ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક–૦૮ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૧) વધુમાં, ફરીયાદપક્ષે આંક–૦૯ થી ફરીયાદી એ.એસ.આઈ. આર્શીવાદભાઈ નાથાભાઈ, તથા આંક–૧૬ થી ત.ક.અ. એ.એસ.આઈ કલ્પેશસિંહ કરણસિંહનાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સોગંદપૂર્વકની જુબાની દરમ્યાન આ કામેની આંક–૦૯ની ફરીયાદ તથા આંક– ૦૮ વાળા મુદ્દામાલ રીકવર પંચનામામાં ની હકીકતો ને બયાન કરી આ કામેનો મુદામાલ પંચો રુબરુ કબજે લેવામાં આવેલ છે તેમ જણાવેલ છે પરંતુ, ઉપર ચર્ચા કર્યા મુજબ પંચ સાહેદો એ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી પોલીસ સાહેદોનો પુરાવો શંકાસ્પદ બની રહે છે.

(૧૨) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદો ના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકાર પુરાવાની ગેરહાજરીમા આંક-૦૮ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૩) વધુમાં, નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, "Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૪) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે, સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈંગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા

છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકોના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામે ની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે. આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં. આ કામેના તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

૧૫. આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર નિષ્ફળ નિવડેલ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

*-:: હુકમ ::-*

(૧) આરોપી અવિનાશ ઉર્ફે નાથીયો અમૃતભાઈ ખરાડી રહે. રાયપુર,તા.ભિલોડા,જી.અરવલ્લીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ -૨૪૮(૧) મુજબ ધી.ગુજરાત પ્રોહી.એકટ કલમ-૬૫એઈ,૮૧મુજબ ના ગુન્હા માંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ પ્રોહી. મુદ્દામાલનો અપીલ સમય વીત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. જયારે મુદ્દામાલ વાહન અંગે જો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો

અપીલ સુધીના સધ્ધર જામીન રજુ કર્યેથી મૂળ માલીકની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ રજુ કરેલા જામીન ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૩૭(એ) ની જોગવાઈ ને આધિન ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૨૭ મી માર્ચ સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૨૭–૦૩–૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084

// H.B.SARVAIYA //